# પોલીસ કમિશનર અમદાવાદ શહેર

## જાહેરનામું

## ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧

ક્રમાંક: ક.૨/મહેકમ-૧/હદ વિસ્તાર/૪૩૫ /૨૦૨૫.
તારીખ:૩૦/૦૫/૨૦૨૫

ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા-૦૩/૦૫/૨૦૨૫ ના ઠરાવ ક્રમાંક:-પસથ/૧૦૨૦૦૩/૪૧૮/સ થી અમદાવા ગ્રામ્ય તથા ગાંધીનગર જીલ્લાના પોલીસ હકુમતના વિસ્તારમાં વહીવટી અનુકુળતા તથા સામાન્ય જનતાની સુગમતા માટે અમદાવાદ ગ્રામ તથા ગાંધીનગર જીલ્લાના પોલીસ હકુમતના વિસ્તારોને પોલીસ કમિશનરેટ અમદાવાદ શહેરમાં સમાવેશ કરવાનું ઠરાવવામાં આવે છે.ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૧૨ થી મળેલ સત્તાની રૂએ હું જી.એસ.મલિક,IPS, પોલીસ કમિશનર, અમદાવા શહેર, આથી નીચે જણાવેલ અમદાવાદ શહેરના પોલીસ સ્ટેશનની હાલમાં જે હદ છે તે ઉપરાંતનો હદ વિસ્તાર તારીખઃ ૦૧/૦૬/૨૦૨ ના રોજ કલાક: ૦૦.૦૦ થી અસ્તિત્વમાં આવે તે રીતે હુકમ કરુ છું.

**હુકમ:**

| અ.નં | સેક્ટર | ઝોન | પોલીસ સ્ટેશન | પોલીસ ચોકી | વિસ્તાર | રિમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|
| 1. | સેક્ટર-૨ | ઝોન-૪ | નરોડા | GIDC ચોકી | રીંગરોડ પર આવેલ રણાસણ રેલ્વે ફાટકથી રણાસણ સર્કલ સહિત(નાના ચિલોડા સર્કલ), સાબરમતી નદી પરના બ્રીજના મધ્યભાગ સુધીનો રીંગ રોડ તથા બંન્ને બાજુનો સર્વિસરોડ તેમજ નરોડા તરફથી મોટા ચિલોડા તરફ જતા રણાસણ સર્કલ(નાના ચિલોડા સર્કલ) પર આવેલ ઓવરબ્રીજનો રીંગરોડના ઉત્તર તરફના સર્વિસ રોડના ઉપરના ભાગ સુધીનો ઓવરબ્રીજ તથા રીંગરોડને અડીને આવેલ રણાસણ ગ્રામ પંચાયતના સર્વે નં-19, 20, 21, 22, 23, 24, 25, 26, 27, 28, 29, 124, 125, 126, 127, 128, 129, 130, 131 સર્વે નંબરો તથા વલાદ ગ્રામ પંચાયતના સર્વે નં-290, 291, 292, 315, 316, 317, 318, 319, 320, 346, 347, 348, 349, 350 સર્વે નંબરોનો સમાવેશ કરવામાં આવેલ છે. | આ વિસ્તાર ગાંધીનગર જીલ્લાના ડભોડા પો.સ્ટેમાંથી કમી થયેલ છે. |
| 2. | સેક્ટર-૨ | ઝોન-૪ | એરપોર્ટ | હાંસોલ | સાબરમતી નદી પર આવેલ બ્રીજ રીંગરોડના મધ્ય ભાગથી ભાટ ટોલનાકા, એપોલો સર્કલ સહિતનો રીંગ રોડ, બંન્ને સર્વિસરોડ, એપોલો સર્કલથી ઇન્દીરાબ્રીજ ના મધ્ય ભાગ સુધીનો રોડ તથા બંન્ને બાજુના સર્વિસ રોડ તેમજ ઇન્દીરાબ્રીજથી એપોલો સર્કલ થઇ ભાટ ટોલનાકા, સાબરમતી નદીના પટ સુધી સાબરમતી નદી તરફના તમામ વિસ્તારનો સમાવેશ કરેલ છે. | આ વિસ્તાર ગાંધીનગર જીલ્લાના અડાલજપો.સ્ટે.માં થી કમી થયેલ છે. |
| 3. | સેક્ટર-૧ | ઝોન-૨ | ચાંદખેડા | મોટેરા | એપોલો સર્કલથી તપોવન સર્કલ સહિતનો રીંગરોડ તથા બંન્ને બાજુના સર્વિસ રોડ તથા એપોલો સર્કલથી ઇન્દીરા બ્રીજ તરફ જતા જમણી બાજુનો સર્વિસ રોડ છોડીને કોટેશ્વર ગામતળ તથા સીમ સર્વે નંબર સહિતના તમામ વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે. | આ વિસ્તાર ગાંધીનગર જીલ્લાના અડાલજ પો.સ્ટે. માંથી કમી થયેલ છે. |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 4. | | | | ચાંદખેડા | તપોવન સર્કલથી ઝુંડાલ સર્કલ, ત્રાગડ અંડરબ્રીજના મધ્યભાગ સુધીનો રીંગરોડ તથા બંન્ને બાજુના સર્વિસ રોડનો સમાવેશ કરવામાં આવે છે. | આ વિસ્તાર ગાંધીનગર જીલ્લાના અડાલજ પો.સ્ટે. માંથી કમી થયેલ છે. |
| 5. | | | | ગોદરેજ | ત્રાગડ અંડરબ્રીજના મધ્યભાગથી વૈષ્ણોદેવી અંડરબ્રીજના મધ્ય ભાગ સુધીનો રીંગ રોડ તથા બંન્ને બાજુના સર્વિસ રોડ તેમજ રીંગરોડથી અંદર અમદાવાદ શહેર તરફ આવેલ ખોરજ ગામની સીમ સર્વે નંબરવાળા વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે. | આ વિસ્તાર ગાંધીનગર જીલ્લાના અડાલજ પો.સ્ટે. માંથી કમી થયેલ છે. |
| 6. | સેક્ટર-૧ | ઝોન-૧ | સોલા | ગોતા ચોકી | વૈષ્ણોદેવી સર્કલ તથા વૈષ્ણોદેવી અંડરબ્રીજના મધ્ય ભાગથી ભાડજ સર્કલ તરફ જતા સરદાર ધામ સુધીનો રીંગરોડ તથા બંન્ને બાજુના સર્વિસ રોડ, ગોતા બ્રીજ તરફથી ગાંધીનગર તરફ જતા વૈષ્ણોદેવી સર્કલ પર આવેલ ઓવરબ્રીજનો રીંગરોડના ઉત્તર (ગાંધીનગર) તરફના સર્વિસ રોડના ઉપરના ભાગ સુધીનો ઓવરબ્રીજનો સમાવેશ કરવામાં આવે છે | આ વિસ્તાર ગાંધીનગર જીલ્લાના અડાલજ પો.સ્ટે. માંથી કમી થયેલ છે. |
| 7. | સેક્ટર-૧ | ઝોન-૧ | સોલા | ગોતા ચોકી | વૈષ્ણોદેવી સર્કલ થી એસ.જી.વી.પી. હોસ્પિટલ તરફ જતા જમણી બાજુ આવેલ કે.ડી. હોસ્પિટલ, સર્વિસ રોડ સહિતના વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે. | આ વિસ્તાર અમદાવાદ ગ્રામ્યના બોપલ પો.સ્ટે.માંથી કમી થયેલ છે. |
| 8. | | ઝોન-૭ | બોડકદેવ | હેબતપુર ચોકી | રીંગરોડ પર આવેલ હેબતપુર કટથી શીલજ બ્રીજ મધ્ય ભાગ સુધીનો રીંગરોડ તથા બંન્ને બાજુના સર્વિસ રોડ, હેબતપુર કટથી શીલજ સર્કલ થઇ શીલજ બ્રીજ નીચે આવેલ રેલ્વે ટ્રેક સુધીનો અમદાવાદ શહેર તરફના (રીંગરોડ અંદરના) વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે. | આ વિસ્તાર અમદાવાદ ગ્રામ્યના બોપલ પો.સ્ટે.માંથી કમી થયેલ છે. |
| 9. | | | સરખેજ | સરખેજ | સનાથલ ટોલ ટેક્ષથી સનાથલ સર્કલ સહિતના રીંગરોડ તથા બંન્ને બાજુના સર્વિસ રોડ સહિત સમાવેશ કરવામાં આવે છે. | આ વિસ્તાર અમદાવાદ ગ્રામ્યના ચાંગોદર પો.સ્ટે. માંથી કમી થયેલ છે. |
| 10. | | | | ફતેહવાડી | બાકરોલ સર્કલ તથા બાકરોલ સર્કલથી બાકરોલ ટોલટેક્ષ, સાબરમતી નદી પરના બ્રીજના પશ્ચિમ છેડા સુધીનો રીંગરોડ, બંન્ને બાજુના સર્વિસ રોડ તેમજ રીંગ રોડથી અમદાવાદ શહેર તરફનો (રીંગરોડ અંદરનો) નદીના પશ્ચિમ કાઠા સુધીના તમામ વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે. | આ વિસ્તાર અમદાવાદ ગ્રામ્યના અસલાલી પો.સ્ટે. માંથી કમી થયેલ છે. |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 11. | સેક્ટર-૨ | ઝોન-૬ | નારોલ | પીપળજ | સાબરમતી નદીના પશ્ચિમ કાંઠાથી શરૂ કરી નદી પર આવેલ રીંગ રોડ બ્રીજના પશ્ચિમ છેડેથી કમોડ સર્કલ,અસલાલી સર્કલ સુધીનો રીંગ રોડ તથા બંન્ને બાજુનો સર્વિસ રોડ તેમજ અમદાવાદ શહેર તરફના (રીંગરોડ અંદરના) તમામ વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે. | આ વિસ્તાર અમદાવાદ ગ્રામ્યના અસલાલી પો.સ્ટે. માંથી કમી થયેલ છે. |
| 12. | સેક્ટર-૨ | ઝોન-૬ | નારોલ | કર્ણાવતી | અસલાલી સર્કલ તથા અસલાલી સર્કલથી ભુતીયા કેનાલ સુધીનો રીંગ રોડ, તથા બંન્ને બાજુનો સર્વિસ રોડ તેમજ અમદાવાદ શહેર તરફના (રીંગરોડ અંદરના) તમામ વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે. | આ વિસ્તાર અમદાવાદ ગ્રામ્યના અસલાલી પો.સ્ટે.માંથી કમી થયેલ છે. |
| 13. | | | GIDC વટવા | રામોલ | રોપડા બ્રીજથી એક્સપ્રેસ હાઇવે તરફ જતા રીંગરોડ પર આવેલ પ્લેટીનીયમ ફ્લેટ સામે ગરનાળાથી હાથીજણ સર્કલ થઇ એક્સપ્રેસ હાઇવે સુધીનો રીંગ રોડ તથા બંને તરફનો સર્વિસ રોડ તેમજ એક્સપ્રેસ હાઇવે પર આવેલ ઓવર બ્રીજનો એક્સપ્રેસ હાઇવે સુધીનો બ્રીજનો ભાગ તથા બ્રીજ નીચેના એક્સપ્રેસ હાઇવે સુધીનો વિસ્તાર તેમજ રીંગ રોડથી અમદાવાદ શહેર તરફના (રીંગરોડ અંદરના) તમામ વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે. | આ વિસ્તાર અમદાવાદ ગ્રામ્યના વિવેકાનંદનગર પો.સ્ટે માંથી કમી થયેલ છે. |

આજ રોજ તા.૨૯/૦૫/૨૦૨૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તારીખ:૨૯/૦૫/૨૦૨૫
સ્થળ : અમદાવાદ શહેર

( જી.એસ.મલિક )
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :-**

- અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર
- અધિક મુખ્ય સચિવશ્રી,ગૃહવિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- મુખ્ય પોલીસ અધિકારી અને નિયાકમશ્રી, લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો,ગુ.રા.,અમદાવાદ
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી,હથિયારીએકમો, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી,સી.આઇ.ડી.ક્રાઇમ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઇન્ટે.), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પોલીસ કમિશનરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,મ્યુનિસિપલ કોર્પો, અમદાવાદ
- નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી દાણાપીઠ, અમદાવાદ શહેર
- કલેક્ટરશ્રી, અમદાવાદ શહેર.
- નિયામકશ્રી, માહિતી વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સંયુક્ત માહીતી નિયામકશ્રી, બેરેક નં-૦૩,આંબાવાડી પોલીટિકનીક, અમદાવાદ શહેર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ,સોલા રોડ, અમદાવાદ
- રજીસ્ટારશ્રી સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
- રજીસ્ટ્રારશ્રી, સેસન્સ કોર્ટ,અમદાવાદ ગ્રામ્ય,મીરઝાપુર, અમદાવાદ
- ચીફ મેટ્રોપોલીટન,મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર

- મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેસન્સ કોર્ટ, ભદ્ર અમદાવાદ શહેર
- સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીકશાખા, ક્રાઇમ શાખા, અમદાવાદ શહેર
- અધિક પોલીસ કમિશ્નરશ્રી, વહીવટ, સેક્ટર–૧, સેક્ટર–૨, વિશેષ શાખા, અમદાવાદ શહેર
- પોલીસ મહાનિરીક્ષકશ્રી, અમદાવાદ રેન્જ, ગાંધીનગર રેન્જ.
- મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ–૧ માં પ્રસિધ્ધ કરવા સારુ(E-mail: gogpress-vad@gujarat.gov.in)
- તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ, અમદાવાદ શહેર.
- નાયબ પોલીસ કમિશનરશ્રી(ઇન્ટે) અમદાવાદ શહેર
- પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ ગ્રામ્ય, ગાંધીનગર
- તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ, અમદાવાદ શહેર
- જનસંપર્ક અધિકારીશ્રી,(સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
- તમામ પોલીસ ઇન્સપેક્ટરશ્રીઓ,અમદાવાદ શહેર(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરવા સારુ)
- પોલીસ ઇન્સપેક્ટરશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
- પોલીસ ઇન્સપેક્ટરશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
- પોલીસ ઇન્સપેક્ટરશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
- પોલીસ ઇન્સપેક્ટરશ્રી, કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશનરશ્રીની કચેરી( C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારુ
- મદદનીશ પોલીસ કમિશનરશ્રી સાયબર ક્રાઇમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારુ.